# એસ. વી. સ્કૂલમાં યોજાઈ ‘ડો મેકિંગ એક્ટિવિટી’



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ડો મેકિંગ એક્ટિવિટી યોજવામાં આવી હતી. બાળકોએ ઘઉમાંથી કણક બનાવીને તેમાંથી વિવિધ આકાર, રમકડાં, દિવડા, સ્માઈલી, પાંદડાં, પ્રાણીઓ, પક્ષીઓ, ફળો, વાસણો, ઈંગ્લિશ મૂળાક્ષરો, નંબર્સ, બ્રેસ્લેટ જેવી વિવિધ વસ્તુઓ પોતાના શિક્ષકોની મદદથી બનાવી હતી.

# GIPSમાં ‘SEAM’નું પ્રદર્શન



ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શનિવારના રોજ ‘SEAM’નું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું. જેમાં શૈક્ષણિક વિષયોના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી તેમજ ચિત્રકલા જેવા વિષયોને પ્રાયોગિક અને માહિતીસભર રીતે રજૂ કર્યા હતા.

## જન્મદિને વધામણી



કથન ત્રિવેદી
મો. ૯૭૧૨૯ ૩૭૧૦૨



દૃષ્ટિ જતીનભાઈ દવે
મો. ૮૧૫૪૯ ૮૩૮૪૮



વિશ્રુતિ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

# નર્સિંગ કૉલેજમાં પ્રાથમિક સારવાર અંગે કાર્યક્રમ



કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિમેન ડેવલપમેન્ટ સૅલ તથા સી ઍમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગના સંયુક્ત ઉપક્રમે પ્રાથમિક સારવાર અંગે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રાથમિક સારવાર કાર્યક્રમમાં કૉલેજના ૭૭ પ્રાધ્યાપકો જોડાયા હતા. ટ્રેનર તરીકે ઈરફાન વોરાએ પોતાની સેવાઓ આપી હતી. આ કાર્યક્રમનું આયોજન પલક પટેલ દ્વારા વીણાબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ડી.પી.એસ. ગાંધીનગરમાં યોજાઈ થીમ આધારિત નૃત્ય સ્પર્ધા




કેટલીકવાર લાગણીઓના સાચા સારને વ્યક્ત કરવા માટે ફક્ત શબ્દો કરતાં હાવભાવની વધુ જરૂર પડે છે. આ જ હેતુ સાથે ડીપીએસમાં અભ્યાસ કરતા ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓ માટે આંતરિક ગૃહ થીમ આધારિત નૃત્ય સ્પર્ધા યોજવામાં આવી હતી. નૃત્ય સ્પર્ધા માટેની થીમ ‘રિલેશનશિપ’ નિયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ તેમના અનુકરણીય પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીનો તેમના માતાપિતા અને શિક્ષકો સાથેનો સંબંધ, પિતા અને પુત્રી વચ્ચેનો સંબંધ, ભાઈ-બહેનનો સંબંધ અને છેવટે શ્રી કૃષ્ણનો તેની માતા, બહેન, મિત્રો અને વિદ્યાર્થી સાથેનો સંબંધ દર્શાવ્યો હતો.

## દેશની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ખાસ કાર્યક્રમોનું આયોજન કરવા તાકીદ

# ૨૬મીથી એક વર્ષ બંધારણની વર્ષગાંઠ ઉજવાશે

### વિદ્યાર્થીઓ, આચાર્ય સહિતના તમામ સ્ટાફને પણ બંધારણની વર્ષગાંઠ નિમિત્તે યોજનારા કાર્યક્રમોમાં ભાગ લેવો અને વધુમાં વધુ લોકો સુધી બંધારણની જાણકારી પહોંચે તેવા પ્રયાસ કરવાની સૂચના

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય બંધારણની ૭૦મી વર્ષગાંઠ આગામી ૨૬મી નવેમ્બરે આવી રહી છે. આ નિમિત્તે ભારત સરકારે યુજીસીના માધ્યમથી દેશની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ખાસ કાર્યક્રમોનું આયોજન કરવા તાકિદ કરી છે. વિદ્યાર્થીઓ, આચાર્ય સહિતના તમામ સ્ટાફને પણ બંધારણની વર્ષગાંઠ નિમિત્તે યોજનારા કાર્યક્રમોમાં ભાગ લેવો અને વધુમાં વધુ લોકો સુધી બંધારણની જાણકારી પહોંચે તેવા પ્રયાસ કરવા તાકિદ કરાઈ છે.

ભારત સરકાર દ્વારા ૨૬મી નવેમ્બરથી લઈને સળંગ એક વર્ષ સુધી બંધારણની વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે. આ માટે યુનિવર્સિટીઓ અને આનુષંગિક કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફ અને અધિકારીઓને બંધારણની મુળભૂત ફરજો અંગે વધુમાં વધુ જાગૃતિ ફેલાય તેની કામગીરી કરવાની રહેશે. દરેક સંસ્થાઓને એવી તાકિદ પણ કરવામાં આવી છે કે, ૨૬મી નવેમ્બરે સંવિધાનની ઉજવણી અંતર્ગત સેન્ટ્રલ હોલમાંથી કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે. આ ટેલિકાસ્ટ વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોઇ શકે તેવી વ્યવસ્થા શૈક્ષણિક સંસ્થાઓએ કરવાની રહેશે. આ ઉપરાંત ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું વાંચન દરેક યુનિવર્સિટીઓના વિભાગોના વડાઓએ કરવાનું રહેશે. કોલેજોના આચાર્યોને પણ બંધારણની પ્રસ્તાવનાનું વાંચન કરવા સૂચના આપવામાં આવી છે.

આ સિવાય ૨૬મી નવેમ્બરથી લઈને આગામી એક વર્ષ સુધી કોલેજો અને યુનિવર્સિટીઓમાં બંધારણની મુળભૂત ફરજોને લગતાં ઓછામાં ઓછા એક કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. આ ઉપરાંત રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ વચ્ચે રાજ્યકક્ષાની સ્પર્ધાઓનું પણ આયોજન કરવાનું રહેશે. રાષ્ટ્રીય કક્ષાએ પણ આ પ્રકારનું આયોજન કરવું તેવી તાકિદ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દરેક રાજ્ય અને રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઝને કરવામાં આવી છે.

# વિવેકાનંદ વિદ્યાવિહારમાં આજે સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૨૩

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅક્ટર-૧૨ ખાતે વિદ્યાર્થી-વાલીઓના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૨૪ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

સ્વામી વિવેકાનંદ વિદ્યા-વિહારના સહયોગથી શ્રી સર્વ શિક્ષા ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા સૅક્ટર-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આ પ્રેરણાત્મક સંમેલન યોજવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત રહેવા સૌ વિદ્યાર્થીઓ, વાલીઓને શાળા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




૬૫મી નેશનલ સ્કૂલ ચેસ ચેમ્પીયનશીપ-૨૦૧૯નું આયોજન સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તા.૬ થી ૮ નવેમ્બર દરમ્યાન સિલ્વાસા ખાતે કરવામાં આવેલ. કુલ ૨૬ રાજયોએ આ પ્રતિષ્ઠીત ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ હતો. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની પ્રતિષ્ઠીત અન્ડર-૧૪ ગર્લ્સ ખેલાડીઓ ત્રીજા ક્રમાંકે રહી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગુજરાતનું નામ રોશન કરેલ ગુજરાતની આ ટીમમાં પ્રાપ્તી દત્ત, વિધી શેઠ, નાઈક ફલક, ક્રિતી શાહ અને રિધ્ધી પટેલનો સમાવેશ થયેલ. ૧૪૭૯નું રેટીંગ ધરાવતી ક્રિતી શાહ સળંગ પાંચ રાઉન્ડ જીતી હતી જયારે અંતિમ છઠ્ઠા રાઉન્ડમાં તેનો મુકાબલો સંસ્કૃતિ વાનખેડે સામે થયેલ જે મેચ ડ્રોમાં પરિણમી હતી. આ સાથે આ ટુર્નામેન્ટમાં ક્રિતીના અદભુત દેખાવના પરિણામે ક્રિતીએ પ્રથમ બોર્ડ પ્રાઈઝ સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. છઠ્ઠા રાઉન્ડના અંતે ક્રિતી શાહ અને રીધ્ધી પટેલ ૫.૫ પોઈન્ટ પ્રાપ્ત કરેલ જયારે નાઈક ફલકે ૩.૫ પોઈન્ટ અને પ્રાપ્તિ દત્તે ૨ પોઈન્ટ હાંસલ કર્યા હતા. આ ટુર્નામેન્ટનું સમાપન તા.૮-૧૧-૨૦૧૯ના રોજ થયેલ.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની ઈન્સ્ટીટયુટ ઓફ હેલ્થ સાયન્સના સહયોગથી

# વિશ્વ ડાયાબીટીસ દીવસની ઉજવણી



# વિનામૂલ્યે ડાયાબિટીસ ચેક-અપ કેમ્પનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમાં, ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થ સાયન્સના આયુર્વેદિક, હોમેઓપેથીક, ફીઝીઓથેરાપી અને નર્સિંગ શાખાના વિદ્યાર્થી,અધ્યાપકો અને મેડીકલ ઓફિસર ના સહયોગથી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ના કેમ્પસ ખાતે વૈશ્વિક ડાયાબીટીક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થ સાયન્સની તમામ શાખાના ટીમ મેમ્બર માટે વિના મૂલ્યે ડાયાબીટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું તે કેમ્પમાં ધમાસણા, મોટી આદરજ, શેરથા, ભોયણ રાઠોડ, ટીંટોડા ગામના આશરે ૩૦૦ થી વધુ રહેવાસીઓએ આ સેવાનો લાભ લીધો હતો.

આ દિવસની ઉજવણી કરવા માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થ સાયન્સના વિદ્યાર્થીઓએ રંગોળી પ્રેઝનટેશન, પોસ્ટર મેકિંગ જેવી સ્પર્ધાઓ વૈશ્વિક ડાયાબીટીક દિવસને ધ્યાનમાં રાખીને હરીફાઈમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે ડાયાબીટીસ ઉપર એક શિક્ષિત ચર્ચા વિચારણાદ્ના કાયક્રમનું આયોજન પણ કરેલ હતું. તેમાં ૧૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક માનવ શરીરમાં ડાયાબીટીસ જેવા રોગ કેવી રીતે થાય છે. આ પ્રકારના રોગોથી માનવ શરીરના અગત્યના અંગો ઉપર કેવી વિપરીત અસર થાય છે.અને આ રોગને વધુ નુકશાન કરતો અટકાવા કેવા પ્રકારનાં પગલા ભરવા પડે તે અંગેની વિગતવાર માહિતી કેમ્પમાં ભાગ લેનાર ગ્રામીણ વ્યક્તિઓને આપી હતી. આ દિવસે કેમ્પનું આયોજન કરી ઈન્સ્ટીટુયુટ ઓફ હેલ્થ સાયન્સ દ્વારા સમાજમાં ડાયાબીટીસ કેટલો જીવલેણ રોગ સાબિત થઈ શકે છે. તે અંગે સમાજમાં જાગ્રતતા ફેલાવવાનું એક બીડુ ઝડપ્યું હતું અને આ પ્રકારનાં કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન કરી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવસીટીના ઈન્સ્ટીટયુટ ઓફ હેલ્થ સાયન્સે પોતાની સામાજિક જવાબદારી અદા કરી છે.

# પરિસરમાં આશ્રમ બાબતે ડીપીએસનો ખુલાસો મગાયો

ગાંધીનગર, તા. ૨૩

હાથીજણમાં આવેલા નિત્યાનંદ આશ્રમને લઈને ડીપીએસ સ્કૂલને નોટિસ ફટકારીને ખુલાસો કરવા જણાવાયું છે. જો સ્કૂલ દ્વારા યોગ્ય ખુલાસો કરવામાં નહીં આવે તો ડીઈ દ્વારા સ્કૂલ સામે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)માં ફરિયાદ કરવામાં આવશે. ડીઈઓ દ્વારા સ્કૂલમાં તપાસ કરવામાં આવી હતી અને લીઝ તથા રેન્ટ એગ્રિમેન્ટ સહિતની માહિતી માગી હતી, પરંતુ સ્કૂલ દ્વારા હજુ સુધી માહિતી આપવામાં આવી ન હોવાનું જાણવા મળે છે. જમીનના મુદ્દે કલેક્ટરે પણ તપાસના ધમધમાટ બાદ રિપોર્ટ તૈયાર કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નિત્યાનંદના આશ્રમમાંથી કથિત રીતે ગૂમ થયેલી યુવતી અને બાળકો ગોંધી રાખવા મામલે તપાસનો ધમધમાટ આગળ વધી રહ્યો છે. આશ્રમ ડીપીએસ સ્કૂલના કેમ્પસમાં ૧૦ મહિના પહેલાં જ શરૂ થયો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ડીપીએસ સ્કૂલના રમત ગમતના મેદાન અને આશ્રમ વચ્ચે કોઈ જ દીવાલ ન હોવાથી પ્રથમ દૃષ્ટિએ આશ્રમ સ્કૂલનો જ ભાગ હોય તેમ જણાય છે. આમ, આશ્રમ પ્રકરણમાં ડીપીએસ સ્કૂલની ભૂમિકા પણ શંકાસ્પદ જણાતા સ્કૂલ સામે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ ગ્રામ્યના ડીઈઓ આર.આર.વ્યાસે સ્કૂલની સ્થળ તપાસ કરી હતી. સ્કૂલ દ્વારા આશ્રમને જગ્યા લીઝથી આપવામાં આવી હોઈ સ્કૂલ પાસે લીઝ અને રેન્ટ એગ્રીમેન્ટ તેમજ માન્ય પ્લાન પણ માગવામાં આવ્યો છે, પરંતુ સ્કૂલ તરફથી હજુ સુધી આ પુરાવા આપવામાં આવ્યા ન હોવાનું જાણવા મળે છે. જેને લઈને ડીપીએસ સ્કૂલને નોટિસ ફટકારીને ખુલાસો કરવા જણાવાયું છે. જો, સ્કૂલ તરફથી યોગ્ય ખુલાસો કરવામાં નહીં આવે તો સ્કૂલ સામે સીબીએસઈમાં ફરિયાદ કરવામાં આવશે.

બીજી બાજુ આશ્રમની જમીન અને સ્કૂલની જમીન સહિતના પાસાઓને લઈને જિલ્લા કલેક્ટર દ્વારા પણ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ પૂર્ણ થતાં તેનો અહેવાલ તૈયાર કરાયો છે અને અહેવાલના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જમીનને લગતા મુદ્દામાં ખાનગી જમીન હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ મુદ્દે સમગ્ર તપાસના અંતે જ ચિત્ર સ્પષ્ટ થશે.

# ભૌગોલિક વિસ્તાર મુજબ મધ્યાહ્ન ભોજનનું મેનૂ નિયત કરવા વિચારણા

ગાંધીનગર, તા. ૨૩

રાજયમાં બાળકોમાં કુપોષણનું પ્રમાણ અને ઓછા વજનવાળા બાળકો હજુ પણ મોટા પ્રમાણમાં યથાવત રહેતા મધ્યાહન ભોજન યોજનામાં અપાતા ભોજનમાં ધરખમ ફેરફાર કરવામાં આવી શકે છે. જેમાં બાળકોને ફક્ત ભોજન આપી દેવાની માનસિકતામાં ફેરફાર કરીને તેમની રૂચિ અને ભૌગોલિક વિસ્તાર જેવી બાબતોને પણ પ્રાધાન્ય આપવામાં આવશે. આદિવાસી વિસ્તાર હોય તો બાળકોને મકાઈ ભાવે કે ગ્રામીણ વિસ્તારમાં બાજરી ખાતા હોય તો તે આપવા તેમજ પ્રથમ વખત સીઝન મુજબ ફળ આપવા માટે પણ વિચારણા હાથ ધરાઈ છે. તે સાથે બાળકોને ગોળ-ચણા અને શેકેલી સીંગનો નાસ્તો આપવા સહિતના મુદ્દે ઉચ્ચ કક્ષાએથી લીલી ઝંડી બાદ નિર્ણય થઈ શકે છે.

તાજેતરમાં શિક્ષણ વિભાગની મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો સહિતના સ્ટેક હોલ્ડર્સ સાથે બેઠક મળી હતી. જેમાં મધ્યાહન ભોજન યોજના થકી બાળકોના સર્વાંગી હિતમાં મેરેથોન બેઠક યોજાઈ હતી. બાળકોને જે ભોજન અપાય તેમાં ‘લોકલ ટેસ્ટ’ ઉમેરાય તો બાળકોને સ્વાદિષ્ટ ભોજન મળે તેની પણ ચર્ચા થઈ હતી. હાલની યોજનામાં મોટાભાગે દાળ-ઢોકળી, શાક-રોટલી કે પછી ખીચડી વિગેરે આપવામાં આવે છે. જો કે રાજ્યમાં ભૌગોલિક વિસ્તાર મુજબ બાળકોની રૂચિ પણ અલગ અલગ હોઈ શકે છે તેવો મત બેઠકમાં રજૂ થતા જે તે જિલ્લાને તે પ્રમાણે મેનુમાં વખતોવખત ફેરફાર કરવા માટે છૂટ આપવામાં આવશે તેમ નક્કી કરાયું હતું. ખાસ કરીને આદિવાસી કે ડુંગરાળ વિસ્તારમાં કે જ્યાં બાળકોમાં કુપોષણ અને ઓછા વજનની સમસ્યા વધુ છે તેમાં શું ફેરફાર કરાય તે અંગે ચર્ચા થઈ હતી. જેમાં સ્થાનિક પસંદ અનુસાર ફ્લેક્સીબલ મેનુ રાખીને મકાઈ-બાજરીની વાનગીની છૂટ આપવા ચર્ચા થઈ હતી. તે સાથે બાળકોને સીઝનલ ફળનો લાભ મળે તેનો વધારાનો લાભ આપવા પણ વિચારણા કરાઈ હતી. જેથી બાળકોની તંદુરસ્તીમાં સીધો ફરક પડી શકે. તે ઉપરાંત બાળકોને ભોજન પછી ગોળ-ચણા અને શેકેલી સીંગ પણ આપી શકાય કે કેમ તે મુદ્દે ચર્ચા થઈ હતી.

આ સમગ્ર બાબતે ઉચ્ચ અધિકારીઓથી લઈને મધ્યાહન ભોજન યોજનાના સંચાલક પ્રતિનિધિઓનું પણ હકારાત્મક વલણ રહેતા હવે શિક્ષણ વિભાગ ઉચ્ચ કક્ષાએ દરખાસ્ત કરશે અને લીલી ઝંડી મેળવે તો તેનો સત્વરે અમલ કરવામાં આવશે.